**નં.સ્મીમેર/આઉટ/નં.૨૫૪૮**
**તા.૧૯/૦૮/૨૦૨૬**

**<u>વિષય :–</u> સ્મીમેર મેડીકલ કોલેજ ખાતે યુ.જી. અને પી.જી. ઈન્સ્પેકશન અને યુનિવર્સીટી પરીક્ષા તેમજ અન્ય કાર્યક્રમ માટે ઈન્સ્પેકટર/એકઝામીનર/મહાનુભવનાં રહેઠાણ માટે હોટેલનાં રૂમ ફાળવવા તેમજ જરૂરીયાત જણાયે ભોજનની વ્યવસ્થા કરવા બાબત.(બીજો પ્રયત્ન)**

સુરત મહાનગરપાલિકા સંચાલિત સુરત મ્યુનિસિપલ ઈન્સ્ટીટયુટ ઓફ મેડીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ (સ્મીમેર) ધ્વારા વર્ષ દરમ્યાન યુ.જી. અને પી.જી. ઈન્સ્પેકશન અને યુનિવર્સીટી પરીક્ષા તેમજ અન્ય કાર્યક્રમ માટે ઈન્સ્પેકટર/એકઝામીનર/મહાનુભવનાં રહેઠાણ માટે યુનિટ રેટ (પ્રતિદિન) મુજબ હોટેલનાં રૂમ ફાળવવા તેમજ જરૂરીયાત જણાયે ભોજનની વ્યવસ્થા કરવાનાં કામે નીચે સહી કરનાર સમક્ષ તા.૨૦/૦૮/૨૦૨૬ થી તા.૨૫/૦૮/૨૦૨૬ નાં રોજ સાંજે ૬.૦૦ કલાક સુધીમાં બંધ કવરમાં ભાવપત્રકો મોકલવાનાં રહેશે. ઉકત કામની શરતો અને બોલીઓ નીચે મુજબ છે.

| નં. | કામગીરીની વિગત | યુનિટ રેટ પ્રતિદિન | જી.એસ.ટી. દર | કુલ રકમ પ્રતિદિન | કુલ રકમ વાર્ષિક |
|---|---|---|---|---|---|
| ૧ | સીગલ રૂમ (એ.સી. સહિત) | | | | |
| ૨ | ડબલ રૂમ (એ.સી. સહિત) | | | | |
| ૩ | ચા, નાસ્તો અને ભોજન (બપોર અને સાંજ) | ઈન્સ્પેકટર/એકઝામીનર/મહાનુભાવની જરૂરીયાત જણાયે પુરા પાડવાનાં રહેશે. | | | |

**<u>શરતો અને બોલીઓ :</u>**

## <u>(અ) ભાવપત્રક અંગેની શરતો અને બોલીઓ</u>

| | |
|---|---|
| ૧. | સદર કામે ફકત **સુરત શહેરનાં સ્થાનિક સંસ્થા જ ઓફર રજુ કરી શકશે.** |
| ૨. | ઈજારદારે **વ્યવસાયવેરા રજીસ્ટ્રેશન, જી.એસ.ટી. સર્ટીફીકેટ, ફૂડ લાયસન્સ નકલની સ્વપ્રમાણિત કરેલ હાર્ડકોપી તેમજ સદરહું ભાવપત્રકની મૂળ/નકલ સહી–સિકકા સહિત બંધ કવરમાં અચૂક રજૂ કરવાનાં રહેશે** અને કવર ઉપર કામનું વર્ણન, રેફરન્સ નંબર તેમજ ભાવપત્રક સ્વીકારવાની છેલ્લી તારીખનો ઉલ્લેખ કરી સ્મીમેર, સુરતને નિર્ધારીત તારીખ સુધીમાં મોકલી આપવાનું રહેશે. ત્યારબાદ મળેલ ભાવપત્રક/ઓફર સ્વીકારવામાં આવશે નહીં. તે અંગેનો અબાધિત હકક સ્મીમેર મેડીકલ કોલેજને જ રહેશે. |
| ૩. | ઈજારદારે જણાવેલ ભાવ ઓછામાં ઓછા ૧૨૦ દિવસની વેલીડીટી માટે આપવાના રહેશે. જે માન્ય ગણવામાં આવશે. |
| ૪. | ઈજારદારે જણાવેલ ભાવો તમામ વેરા–ડયુટી, સ્થાનિક વેરા, રૂમ સફાઈ, સર્વિસ ચાર્જ વિગેરેનો સમાવેશ કરી રજુ કરવાના રહેશે. GST ના દરમાં જે કોઈ વધારો/ઘટાડો સરકારશ્રી ધ્વારા કરવામાં આવશે તે પ્રમાણે વધારો/ઘટાડો કરવા સુ.મ.પા. તથા ઈજારદાર બંધનકર્તા રહે છે. |
| ૫. | ઈજારદારની કામગીરી સંતોષકારક ન જણાયેથી દિન–૦૫ ની નોટીસ આપી ઈજારો રદ કરવાની સત્તા સ્મીમેર મેડીકલ કોલેજની રહેશે. |
| ૬. | ઈજારદાર મનસ્વી રીતે ઈજારો છોડી શકશે નહી. ઈજારો છોડવા માટે સ્મીમેર મેડિકલ કોલેજને દિન–૩૦ ની અગાઉથી લેખિતમાં જાણ કરવાની રહેશે. |
| ૭. | સુ.મ.પા. જરૂર જણાએ શરતોમાં ફેરફાર કરી શકશે જે ઈજારદારને બંધન કર્તા રહેશે. |
| ૮. | સદર ઈજારા અંગે જે કોઈ સરકારી મંજૂરી, લાયસન્સ, ટેક્ષ વિ. ઈજારદારે સ્વખર્ચે લેવાની રહેશે. જે માટે સુરત મહાનગરપાલિકાની કોઈ જવાબદારી રહેશે નહી. |
| ૯. | સફળ ઈજારદાર તરફથી કવોટેશનમાં દર્શાવવામાં આવેલ જે ઠેકાણા (સરનામા ) જણાવવામાં આવેલા છે તે ખરા છે અને તે ઠેકાણામાં કોઈપણ ફેરફાર થાય તો તેની સ્મીમેર મેડીકલ કોલેજને સફળ ઈજારદારે તાત્કાલિક લેખિત જાણ કરવાની રહેશે. સફળ ઈજારદારે જણાવેલા તેમના ઠેકાણા ઉપર જે કઈ પત્ર વ્યવહાર કરે તે કોઈપણ કારણસર પાછો આવે તો પણ તે તેને પહોચેલો ગણાશે. |

| | |
|---|---|
| ૧૦. | સુરત મહાનગરપાલિકા દ્વારા મંજુર કરવામાં આવેલ ઈજારદારને વર્ક ઓર્ડર આપ્યાની તારીખથી કામગીરી ચાલુ કરી દેવાની રહેશે. સદર કામગીરી વર્કઓર્ડરની તારીખથી તુરંત ૧ (એક) વર્ષ સુધીની રહેશે. ત્યારબાદ સદર કામે નવો ઈજારો આપવા બાબતની કાર્યવાહી સ્મીમેર મેડીકલ કોલેજ/ સુરત મહાનગરપાલિકા ધ્વારા કરવામાં આવશે. તેમછતાં જો કોઈ આકસ્મિક કારણોસર તેમાં વિલંબ થાય અને ચાલુ કામનો ઈજારો લંબાવવાની સુરત મહાનગરપાલિકાને જરૂર જણાય તો તેવા સંજોગોમાં ઈજારદારે ચાલુ કામની શરતો અને મંજુર ભાવો મુજબ સુરત મહાનગરપાલિકા નકકી કરે તેટલી મુદ્દત માટે હોટેલનાં રૂમ ફાળવવા તેમજ જરૂરીયાત જણાયે ભોજનની વ્યવસ્થા કરવાની રહેશે. |
| ૧૧. | જો ઈજારદાર ભાગીદારી પેઢી હોય અથવા પાવરદાર હોય તો રજીસ્ટર્ડ પાર્ટનરશીપ ડીડ અથવા પાવર ઓફ એટોર્નીની એટેસ્ટેડ નકલ રજુ કરવાની રહેશે. |
| ૧૨. | સફળ ઈજારદારને કામની સોંપણી થયેથી દિન–૧૫ માં સુ.મ.પા. ધ્વારા નિયત કરેલ ફોર્મેટમાં રૂા.૩૦૦/– + રૂા.૩૦૦/– + રૂા.૩૦૦/– ની કિંમતના ગુજરાત રાજયનાં નોન જયુડીશીયલ સ્ટેમ્પ/ફ્રેન્કીંગ/ઈ–સ્ટેમ્પીંગ પેપર ઉપર અનુક્રમે કરારનામું, અન્ડરટેકીંગ તેમજ સ્યોરીટી બોન્ડ પોતાના ખર્ચે કરવાનું રહેશે. |
| ૧૩. | સફળ ઈજારદારે સીકયોરીટી ડિપોઝીટ પેટે ૫% પ્રમાણે રોકડા/બેંક ડીમાન્ડ ડ્રાફટ/બેંકર્સ ચેકથી દિન–૧૫ માં "કમિશનર, સુરત મહાનગરપાલિકા" નાં નામનો રાષ્ટ્રીયકૃત બેંકનો બેંક ડીમાન્ડ ડ્રાફટ/બેંકર્સ ચેક સીકયોરીટી ડીપોઝીટ પેટે જમા કરાવાના રહેશે. કોઈ પણ સંજોગોમાં ચેક સ્વીકારવામાં આવશે નહી. નિયત સમયમર્યાદામાં સીકયોરીટી ડિપોઝીટની રકમ ભરપાઈ કરવામાં આવશે નહી તો ૦.૦૬૫% પ્રમાણે પ્રતિ દિવસ મુજબ ડીલે પેનલ્ટી વસુલ કરવામાં આવશે.(એસ.ડી. ઉપર કોઈ પણ પ્રકારનું વ્યાજ સુ.મ.પા. ચુકવશે નહિ.) |
| ૧૪. | સુરત મહાનગરપાલિકા દ્વારા એકવાર મંજુર થયેલ ભાવો બાબતે ઈજારો મંજુર કર્યા બાદ પાછળથી કોઈપણ જાતના ભાવમાં ફેરફારની માંગણી માન્ય રાખવામાં આવશે નહી. |
| ૧૫. | શરતી ભાવપત્રકો રદ થવાને પાત્ર રહેશે. |
| ૧૬. | ઉકત ઈજારા અંગે કોઈ તર–તકરાર ચલાવવા દેવામાં આવશે નહી તેમ થતા તમામ વિવાદ સુરત કોર્ટની હકુમતને આધીન રહેશે. |
| ૧૭. | કવોટેશનની વિગત અંગે વધુ માહિતી સ્મીમેર મેડીકલ કોલેજ, "ડી" બ્લોક, સહારા દરવાજા, ઉમરવાડા, સુરત–૩૯૫૦૧૦ પાસેથી કામકાજના દિવસ દરમ્યાન મળી શકશે. |
| ૧૮. | કામ અંગેના તકરારી મુદદામાં મ્યુ.કમિશ્નરશ્રીનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે. |
| ૧૯. | કવોટેશન સ્વીકારવાની આખરી તારીખના કામકાજના બીજા દિવસે અનુકુળતા હશે તો અથવા અન્ય અનુકુળ દિવસે / સમયે કવોટેશનો ખોલવામાં આવશે. |
| ૨૦. | કોઈ પણ ભાવો કે તેના સાધનો માટેના ભાવો સ્વીકારવાના અથવા તમામ ભાવ દફતરે કરવાનો અબાધિત અધિકાર સુરત મહાનગરપાલિકાને રહેશે તથા તે માટે કોઈપણ કારણો આપવામાં આવશે નહી. |

## (બ) હોટેલનાં રૂમ ફાળવવા અંગેની શરતો અને બોલીઓ

| | |
|---|---|
| ૧. | રૂમ સારા, સ્વચ્છ અને એ.સી. વાળા (કાર્યરત) હોવા જોઈએ. |
| ૨. | રૂમ સર્વિસ જે–તે સમયે તુરંત મળી આવે તે અંગે યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે. |
| ૩. | ઈન્સ્પેકટર/એકઝામીનર/મહાનુભવનું નામ અને સહી મેળવી બીલ સાથે અચૂક રજૂ કરવાની રહેશે. વધુમાં ભોજન મેળવવામાં આવેલ હોય, તો તેનો પણ સમાવેશ કરવાનો રહેશે. |
| ૪. | હોટેલનાં સ્ટાફ ધ્વારા ઈન્સ્પેકટર/એકઝામીનર/મહાનુભવો સાથે અસભ્ય વર્તન/ગેરવર્તુણંક કરવી નહીં. |
| ૫. | ઈજારદારે તેઓનો GST No. તેમજ સુરત મહાનગરપાલિકાનો GST No. વાળુ બીલ ત્રણ કોપીમાં અત્રેની કચેરીએ રજુ કરવાનાં રહેશે. |
| ૬. | ઈજારદારને વર્કઓર્ડર મળી ગયા પછી જયારે અત્રેથી હોટેલનાં રૂમો અનામત રાખવા લેખિત/ટેલીફોનીકથી જાણ કરવામાં આવે, ત્યારે જણાવેલ તારીખ, સમયે હોટેલનાં રૂમો અનામત રાખવાનાં રહેશે. તેમજ જરૂરીયાત જણાયે ભોજનની વ્યવસ્થા પણ કરવાની રહેશે. એકોમોડેશન મેળવેલ હશે, તો રૂમોનું ભાડુ/ચાર્જ ગણવાનો રહેશે. |
| ૭. | ઈજારદારને જણાવેલ તારીખ સમય હોટેલનાં રૂમો અને/અથવા જરૂરીયાત જણાયે ભોજનની વ્યવસ્થા કરવામાં ન આવે, અન્ય હોટેલમાં રોકાણ કરવામાં આવશે તો મા.ડીનશ્રી ધ્વારા નકકી થયેથી પેનલ્ટી લગાવવામાં આવશે. તેમજ સ્યોરીટી/બાહેંધરી આપનાર કે અન્ય પાર્ટી ધ્વારા જે તે સમયે હોટેલનાં રૂમ અને/અથવા જરૂરીયાત જણાયે |

| | |
|---|---|
| | ભોજનની વ્યવસ્થા કરાવી લેવામાં આવશે તો તે અંગેનો તમામ ખર્ચ વર્કઓર્ડર મેળવનાર ઈજારદારે ચૂકવવાનો રહેશે. |
| ૮. | ઈન્સ્પેકટર/એકઝામીનર/મહાનુભાવોનાં વાહનો માટે પાર્કીંગની સગવડ કરવાની રહેશે. |

## (ક) જરૂરીયાત જણાયે ભોજન (ચા, નાસ્તો અને ભોજન (બપોર અને સાંજ)) ની વ્યવસ્થા કરવા અંગેની શરતો અને બોલીઓ

| | |
|---|---|
| ૧. | ભોજન સારૂં, સ્વચ્છ અને શુધ્ધ ગુણવત્તાવાળુ પુરૂ પાડવાનું રહેશે. |
| ૨. | ભોજનની સર્વિસ જે–તે સમયે તુરંત મળી આવે તે અંગે યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે. |
| ૩. | ઈન્સ્પેકટર/એકઝામીનર/મહાનુભવનું નામ અને સહી મેળવી હોટેલનાં રૂમનાં બીલ સાથે ભોજનનાં ખર્ચનો સમાવેશ કરવાનો રહેશે. |
| ૪. | હોટેલનાં સ્ટાફ ધ્વારા ઈન્સ્પેકટર/એકઝામીનર/મહાનુભવ સાથે ગેરવર્તણુંક કરવી નહી. |

Sd/-
ડીન
સ્મીમેર મેડીકલ કોલેજ

ઉપર જણાવ્યા મુજબની તમામ શરતો મેં વાંચી છે. સમજી છે.
જે તમામ મને બંધનકર્તા છે અને રહેશે.

ઈજારદારની સહી :

તારીખ :

સ્થળ :

**કવોટેશન મોકલવાનું સરનામુ :**

ડીનશ્રી,
સ્મીમેર મેડીકલ કોલેજ,
ડીનશ્રીની કચેરી
"ડી"–બ્લોક, સ્મીમેર મેડીકલ કોલેજ
બોમ્બે માર્કેટની સામે,ઉમરવાડા,
સુરત–૩૯૫૦૧૦